૨૦૧૮-૧૯

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
21 JUL 2018

સઘન મરઘાં વિકાસ કાર્યક્રમ હેઠળ ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક મકરબા, અમદાવાદ ખાતે નવીન પશુપાલન ભવન બાંધકામના નકશા અંદાજોની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:મવક/૧૦૨૦૧૮/૪૫/પી૧
સચિવાલય, ગાંધીનગર.
તા.-૧૮/૦૭/૨૦૧૮

વંચાણમાં લીધા:

૧. કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:મવક/૧૦૨૦૧૮/૪૫/પી.૧,તા.૦૬/૦૪/૨૦૧૮

૨. પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રક્રમાંક: પીડીબી-૩/૫૮/૧૮, તા.૩૦/૦૬/૨૦૧૮

ઉપરોક્ત વંચાણે લીધા ક્રમાંક-(૧) ના ઠરાવથી પશુપાલન ખાતા હસ્તકના ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક મકરબા,અમદાવાદ ખાતે નવીન પશુપાલન ભવનના બાંધકામ માટેની યોજનાને રૂ. ૪૩૪.૦૦ લાખની જોગવાઈ સાથે નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક-(૨) ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક મકરબા, અમદાવાદ ખાતે નવીન પશુપાલન ભવનના બાંધકામના રૂ.૧૩૦૨.૦૦ લાખના વિગતવાર નકશા અંદાજોની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-:ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક મકરબા,અમદાવાદ ખાતે નવીન પશુપાલન ભવનના બાંધકામ માટે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,પાણી પુરવઠા (માર્ગ અને મકાન) પેટા વિભાગ, અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ રૂ.૧૩૦૨.૦૦ લાખ (રૂપિયા એક હજાર ત્રણસો બે લાખ પુરા)ના વિગતવાર નકશા અંદાજોને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ. તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનુ પાલન કરવાનુ રહેશે.

(૧૦) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૧) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૩) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવમાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે માન્ય રહેલ જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૮૪ |
| સેકટર | : | ગ- આર્થિક સેવાઓના મૂડી હિસાબ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ |
| મુખ્ય સદર | : | ૪૪૦૩- પશુપાલન અને મૂડી ખર્ચ જોગવાઇ |
| ગૌણ સદર | : | ૧૦૩-મરઘાં વિકાસ |
| પેટા સદર | : | (૪૨) બિલ્ડીંગ્સ-(મુડી) |

૫. નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે,તદઅનુસાર જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગની વખતો વખતના અધતન ઠરાવ વિગેરે સંબંધીત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઇને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

૬. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાવિભાગની તા.૧૦/૦૭/૨૦૧૮ અને સચિવશ્રી (પ.પા.)ની તા.૧૩/૦૭/૨૦૧૮ની નોંધ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

ડી.જે.બારોટ

(ડી.જે.બારોટ)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)નાં અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,,સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit ) ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- મરઘાં વિકાસ શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)